૪૦૨/૭,૭૫૫

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૨૪ જૂન, ૨૦૧૨)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫)** **સત્સંગ પ્રવેશ - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

**વિભાગ-૧ : કિશોર સત્સંગ પ્રવેશ - અગિયારમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૯**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''કાશીદાસ મોટાનું ઘર સળગ્યું હતું તે અમે ઓલવવા ગયા હતા.'' (૩૦)

૨. ''માટે આપણે ઈન્દ્રને બદલે ગોવર્ધન પૂજા કરવી.'' (૩૯)

૩. ''મારો ભાઈ એવું કદી બોલે જ નહિ.'' (૨૧)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. રાઘવાનંદ અને વિશ્વાત્માનંદ 'જમતગડા સાધુ' તરીકે ઓળખાયા. (૫૪)

૨. પ્રબોધિની એકાદશીનો દિવસ સંપ્રદાયમાં ખૂબ મહત્ત્વનો છે. (૪૧)

૩. દૂબળી ભટ્ટના વેવાઈ અંધ થયા. (૩૬)

**પ્ર.૩** 'ભુજનાં લાધીબાઈ' (૩૩-૩૪) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. વચનામૃતનું પાન કરવાથી શું થાય ? (૫૪)

૨. જાલમસિંહ શા માટે પોતાના ગામે ગયા ? (૬૨)

૩. ઝમકુબાનાં લગ્ન કોની સાથે થયાં હતાં ? (૫૦)

૪. સંતોએ દેવજીભાઈને શાની વાતું કરી ? (૨૨)

૫. સગરામે તોડા ઉપર શું નાખ્યું ? (૧૧)

**પ્ર.૫** ''સત્સંગ થાય પણ.....'' (૬૭-૬૮) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૮]

૧. માન તજી સંતનકે ...... મન દીજે. (૧૬)

૨. નથી ડરતા નથી ...... ગાનને ગાઈશું. (શૌર્યગીત)

૩. એકાન્તિકં ...... નમામિ. (૧૮)

૪. શ્રદ્ધાવાઁલ્લભતે ...... ગચ્છતિ ॥ (૬૧) - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો.

**વિભાગ-૨ : શાસ્ત્રીજી મહારાજ - તેરમી આવૃત્તિ, મે - ૨૦૧૧**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''મંદિર કરવા સારુ તો મારો જન્મ છે.'' (૭૩)

૨. ''તેથી દીક્ષા આપવાની ઉતાવળ કરવી નથી.'' (૧૯)

૩. ''શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ પૃથ્વીનો ભાર ઉતારે છે, તેથી કોઈ દુઃખી નહીં થાય.'' (૭૯)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. શંકરાચાર્ય માધવતીર્થને શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે માન થયું. (૫૬)

૨. હરિભક્તોએ સ્વામીશ્રીની સુવર્ણતુલા કરવાનો નિર્ણય કર્યો. (૮૬)

૩. વિહારીલાલજી મહારાજે ડુંગર ભક્તને ઠપકો આપ્યો. (૧૩)

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

૧. અતૂટ વિશ્વાસ (૭૦-૭૧) ૨. અંતર ચોખ્ખાં કરવાની સાવરણી (૩૧-૩૨) ૩. અભયદાન આપવાની આજ્ઞા (૩૬-૩૮)

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. મોતીભાઈ કોને લઈને બહાર નીકળી ગયા ? (૪૧)

૨. ગઢપુર ટેકરાની જમીન માટે શ્રીજીમહારાજે શું કહ્યું હતું ? (૮૮)

૩. યોગી સ્વામી ગોંડલ જવા માટે આજ્ઞા લેવા આવ્યા ત્યારે શાસ્ત્રીજી મહારાજે શું કહ્યું ? (૯૨)

૪. સ્વામીશ્રીનાં દર્શન કરતાં સયાજીરાવ શું બોલ્યા ? (૭૧)

૫. વિજ્ઞાનાનંદ સ્વામીએ ડુંગર ભક્તને શું પૂછ્યું ? (૧૩)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવેશ-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | | મહિનો | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | | | | | | | | |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. અજોડ વિદ્વત્તા (૨૯-૩૧)

(૧) ☐ રંગાચાર્યે સંપ્રદાયના વિદ્વાનોને શાસ્ત્રાર્થ માટે આહ્‌વાન આપ્યું.

(૨) ☐ આ સંપ્રદાયમાં આવા આ એક જ પુરુષ છે.

(૩) ☐ યજ્ઞપુરુષદાસજીએ વિચાર્યું, 'આથી તો સ્વામિનારાયણની લાજ જશે.'

(૪) ☐ રંગાચાર્યે હાર સ્વીકારી યજ્ઞપુરુષદાસને પ્રણામ કર્યા.

૨. અડસઠ તીરથ (૭૪-૭૫)

(૧) ☐ યોગીજી મહારાજે વહેલી સવારે 'અધમ ઉદ્ધારણ અવિનાશી તારા' કીર્તન ગાયું.

(૨) ☐ કીર્તન સાંભળી કાનજી ભગત અકળાયા.

(૩) ☐ થોડે સુધી ચંદ્રના પ્રકાશમાં ગાય દેખાઈ અને પછી અદૃશ્ય થઈ ગઈ.

(૪) ☐ ગાયે સ્વામીશ્રીને ત્રણ વાર મસ્તક નમાવ્યું

૩. ગુરુશિષ્યનો પ્રેમ (૨૫)

(૧) ☐ યજ્ઞપુરુષદાસજીએ પ્રસાદીનો મોગરાની કળીનો હાર અને માળા ભગતજી મહારાજને ભેટ આપવા મોકલ્યાં.

(૨) ☐ ચાણસદમાં દાજીભાઈએ ભગતજીને ભેટ આપી.

(૩) ☐ ભગતજી બોલ્યા, 'ઓત્તારો ભલો થાય યજ્ઞપુરુષદાસ ! ઓત્તારો ભલો થાય.'

(૪) ☐ એ તો કાપિયું વ્યાજ કાઢનારા છે.

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૬]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**ઉદાહરણ : વિદ્યારંભ :** એક વખત ગામમાં પીજનો એક માણભટ્ટ, થાળી વગાડી રામાયણની કથા કરવા આવ્યો. પ્રાગજી ભક્તને કથાની શૈલી મોઢે થઈ ગઈ.

જવાબ : **વિદ્યારંભ :** એક વખત ગામમાં **વસોનો** એક માણભટ્ટ, માણ વગાડી **મહાભારતની** કથા કરવા આવ્યો. **ડુંગર** ભક્તને કથાની શૈલી મોઢે થઈ ગઈ.

૧. **જાગા ભક્તના આશીર્વાદ :** કોઠારી ભીમજીભાઈએ જાગાભક્તને સભામાં આવવાની તથા તેમના આસને કથાવાર્તા કરવા જવાની બંધી કરી. (૩૨)

૨. **વિદ્યારંભ :** સુંદરજીભાઈએ ડુંગર ભક્તને કહ્યું, 'હું તને કરમસદની અંગ્રેજી નિશાળમાં ભણાવી અંગ્રેજ રાજ્યનો મોટો અમલદાર બનાવીશ.' (૯)

૩. **ઠાકરિયો વીંછી :** તમે તો હદ વાળી દીધી અને અમારી સૌની કામ, ક્રોધ અને લોભની ગ્રંથિઓ ઓગાળી દીધી. (૨૭)

૪. **ગુરુહરિનો પ્રથમવાર જયંતી મહોત્સવ :** શુકદેવજી ભાગવત સમજાવી શકે છે તેવું કદાચ મોરલીધર પણ ન સમજાવી શકે, કારણ કે શુકદેવજી તો વિષ્ણુનું સાક્ષાત્ સ્વરૂપ છે. (૮૪)

૫. **સાચા ગુરુભક્ત :** પ્રાગજી ભક્તને ગઢડામાં હરિજયંતીના સમૈયા પર તેડાવવા માટે યજ્ઞપુરુષદાસજીએ આચાર્ય મહારાજને વિનંતી કરી. (૩૫-૩૬)

૬. **એવા શાસ્ત્રીજી મહારાજને અમારા લાખો વંદન હો ! :** શાસ્ત્રીજી મહારાજ સંવત્ ૨૦૦૯, શ્રાવણ સુદ ૪ના દિવસે અંતર્ધાન થયા. (૯૪)

❊ ❊ ❊

નોંધ :- **આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૫ જુલાઈ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/**